પ્રભો અંતર્યામી જીવન જીવના દીનશરણા, પિતા માતા બંધુ, અનુપમ સખા હિતકરણા

## રાજ્યમાં વધુ ૪૭૦ નવા કેસ : અમદાવાદમાં ૩૩૧ : ગાંધીનગરમાં ૦૮

સાવચેત રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

માસ્ક પહેરીએ દો ગજની દૂરીનો અમલ કરીએ.. સેનેટાઈઝરનો ઉપયોગ કરીએ..

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૯૧ | ૧૦ જુન, ૨૦૨૦, બુધવાર; જેઠ વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દેશમાં હવે કોરોનાનો ખતરો વધ્યો

**છેલ્લાં ૨૪ કલાકમાં પ્રતિ કલાકે ૪૧૬ કેસો નોંધાયા : દેશમાં કોરોના કેસ ૨.૬૭ લાખને પારઃ એક દિવસમાં સૌથી વધુ ૩૩૧ના મોત : કુલ મૃત્યઆંક ૭,૪૬૬ પર પહોંચ્યો, ૧,૨૯,૨૧૪થી વધારે લોકો સાજા થયા, ભારતમાં સતત સાતમા દિવસે ૧૦,૦૦૦થી વધુ કેસ નોંધાયા : રાજધાની દિલ્હીમાં કોરોના કોમ્યુનિટી ટ્રાન્સમિશનનો ખતરનાક તબક્કો શરૂ થયાનો સ્વાસ્થ્ય મંત્રીનો દાવો**




ન્યુ દિલ્હી,તા.૯

વૈશ્વિક મહામારી કોરોના વાઈરસ એટલે કે કોવિડ-૧૯ મામલે ભારત વિશ્વના સૌથી વધુ સંક્રમિત દેશોની યાદીમાં ૫માં ક્રમે પહોંચી ગયું છે. અનલોક-૧ના બીજા તબક્કામાં લગભગ તમામ વાણિજયિક એકમો ખુલી ગયા છે ત્યારે તેની સાથે કેસોની સંખ્યા પણ ઘટવાને બદલે વધી રહી હોય તેમ સતત ૬ઠ્ઠા દિવસે પણ કેસોની સંખ્યા ૯ હજારની ઉપર આવ્યાં છે. આજે મંગળવારે સવારે પૂરા થયેલા છેલ્લા ૨૪ કલાકમાં વધુ ૯,૯૮૭ કોરોના કેસ બહાર આવ્યાં તો આ જ સમયગાળામાં વધુ ૩૩૧ દર્દીઓના મોત નિજ્યા છે. મૃત્યઆંકનો છેલ્લાં ૨૪ કલાકનો આ આંકડો અત્યારસુધીનો સૌથી ઉંચો આંકડો છે.. દેશમાં પ્રથમ વખત એક જ દિવસમાં ૩૦૦થી વધારે મોત અને સતત છઠ્ઠા દિવસે ૧૦,૦૦૦ની આસપાસ કેસ આવ્યા છે.

તે સાથે જ ભારતમાં કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૨,૬૬,૫૯૮ પર અને કુલ મૃત્યઆંક ૭,૪૬૬ પર પહોંચી ગયો છે.. તેની સાથે અત્યારસુધીમાં ૧,૨૯,૨૧૪ લોકો સાજા થયા અને હજુ ૧,૨૯,૯૧૭ કેસ સક્રિય છે. રોજેરોજ ૯ હજાર કરતાં વધારે કેસો બહાર આવી રહ્યાં છે.

● અનુસંધાન પાન-૭ પર

# દિલ્હીમાં ૩૧ જુલાઈ સુધી કોરોનાના ૫ લાખ કેસ હશે

**ઉપરાજ્યપાલ સાથે બેઠકમાં સિસોદિયાએ ચિંતા દર્શાવી : દિલ્હીની હોસ્પિટલ્સ તમામ દર્દીઓ માટે ખોલવાનો મુદ્દો મનિષ સિસોદિયાએ બૈજલ સાથેની બેઠકમાં ઊઠાવ્યો**

નવી દિલ્હી, તા. ૯

દિલ્હીમાં કોરોના વાયરસના કમ્યુનિટી સ્પ્રેડના ખતરાને લઈને ઉપરાજ્યપાલ અનિલ બૈજલના નેતૃત્વમાં ડીડીએમએની બેઠક બોલાવવામાં આવી હતી. આ બેઠકમાં નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદીયા અને આરોગ્ય મંત્રી સત્યેન્દ્ર જૈનની ઉપસ્થિતિ રહ્યા હતા. આ દરમિયાન નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાએ કહ્યું કે જો આ પ્રકારે કોરોના વાયરસના કેસો વધતા રહ્યાં તો ૩૧ જુલાઈ સુધી પાંચ લાખથી વધુ કેસો થઈ જશે. રાજ્યપાલ સાથેની બેઠકમાં સામેલ થયા બાદ નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાએ કહ્યું કે, મેં દિલ્હીની હોસ્પિટલો તમામ દર્દીઓ માટે ખોલવાનો મામલો ઉઠાવ્યો હતો અને એલજી સાહેબને પૂછ્યું કે છેવટે સરકારનો નિર્ણય તમે કેમ બદલ્યો. આ મામલે રાજ્યપાલ સાહેબ કોઈ




● અનુસંધાન પાન-૭ પર

# જયપુરમાં એક જ ઘરમાં ૨૬ પોઝિટિવ કેસ

**સુભાષચોક વિસ્તારમાં આવેલા ચાણક્ય માર્ગ પર સ્થિત એક મકાનમાં આવેલ પોઝિટિવ લોકો ભાડેથી રહેતા હતા**

જયપુર, તા. ૯

રાજસ્થાનના જયપુરમાં કોરોના વાયરસનું સંક્રમણ સતત વધી રહ્યું છે. મંગળવારે જયપુરમાં સુભાષ ચોક વિસ્તારમાં એક જ પરિવારમાંથી ૨૬ પોઝિટિવ કેસ મળી આવતા હડકંપ મચી જવા પામ્યો હતો.

સુભાષચોક વિસ્તારમાં આવેલા ચાણક્ય માર્ગ પર સ્થિત એક મકાનમાં આવેલા પોઝિટિવ લોકો ભાડેથી રહેતા હતા. ઝસ્ઉૅ પ્રમુખ ડૉ.નરોત્તમ શર્મા ટીમ સાથે ઘટના સ્થળે પહોંચ્યા હતાં અને દરેક વ્યક્તિઓને સવાઈ માનસિંહ હોસ્પિટલ ખાતે શિફ્ટ કરવામાં આવ્યાં હતાં. રાજ્યમાં સવારે ૯ વાગ્યા સુધી છેલ્લા ૧૨ કલાકમાં ૧૪૪ નવા પોઝિટિવ કેસ મળી આવ્યાં હતાં અને ૫ લોકોના મોત નિપજ્યા છે. આરોગ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા બુલેટિન અનુસાર મંગળવારે ૧૪૪ નવા કેસ મળી આવ્યા છે જે સૌથી વધારે જયપુરના છે. ૧૪૪ કેસમાંથી ૬૧ પોઝિટિવ કેસ માત્ર જયપુરના છે. આજે વધારા બાદ રાજયમાં આંકડો ૧૧ હજારને પાર પહોંચી ગયો છે.

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિક્વર |
|---|---|---|---|
| વિશ્વ | ૭૨૫૦૧૦૫ | ૪૧૦૧૩૭ | ૩૫૧૨૩૧૬ |
| ભારત | ૨૭૩૪૪૩ | ૭૫૫૮ | ૧૩૩૪૩૯ |
| ગુજરાત | ૨૧૦૦૪૪ | ૧૩૧૩ | ૧૪૩૭૩ |
| ગાંધીનગર | ૪૩૬ | ૧૯ | ૧૯૧ |

# ચીની સૈનિકોની ત્રણ વિસ્તારમાંથી પીછેહઠ

**લદાખમાં ભારત અને ચીન વચ્ચે તણાવની સ્થિતિ જારી : બન્ને દેશોની વચ્ચે આ મુદ્દે વાતચીત પહેલાં ચીનના પગલાં બાદ ભારતે પણ તેના લશ્કરને ખસેડી લીધુ : ચાલુ સપ્તાહે વાતચીત પહેલા સારા એંધાણ**

નવી દિલ્હી, તા. ૯

લદાખમાં ચીન સાથે ચાલી રહેલી મડાગાંઠની વચ્ચે વાસ્તવિક અંકુશ રેખા (એલએસી) બાજુથી આવતા સારા સમાચાર સાથે રાજકીય ગતિવિધિએ વેગ પકડ્યો છે. ભારત અને ચીનના સૈનિકો પૂર્વ લદાખના ત્રણ જુદા જુદા પ્રદેશોમાંથી પોતપોતાના ક્ષેત્રમાં પાછા વળ્યા છે. આ અઠવાડિયે યોજાનારી સૈન્યની વાતચીત પહેલા બંને દેશોની આ પહેલથી એક મહિના કરતા વધુ સમયથી ચાલુ રહેલા તણાવને સમાપ્ત કરવાની આશાઓ ઊભી થઈ છે. ભારતીય અને ચીન સૈન્યની બેઠક આ અઠવાડિયે લદાખના કેટલાક જુદા જુદા સ્થળોએ મળવાની છે, જેમાં પેટ્રોલિંગ પોઈન્ટ ૧૪ (ગાલવાન વિસ્તાર), પેટ્રોલ પોઈન્ટ ૧૫ અને હોટ સ્પ્રિંગ્સ ક્ષેત્રનો સમાવેશ થાય છે. સરકારના ટોચના સૂત્રોએ આ માહિતી આપી છે. તેમણે કહ્યું હતું કે ચીનની સેનાએ ગાલવાન વેલી, પેટ્રોલિંગ પોઈન્ટ -૧૫ અને હોટ સ્પ્રિંગ્સ એરિયાથી ૨-૨.૫ કિ.મી. પીછે હઠ કરી છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, ૬ જૂને લેફ્ટનન્ટ જનરલ

● અનુસંધાન પાન-૭ પર



## છેલ્લે... છેલ્લે...

- બોમ્બે મ્યુનિસિપલ કોર્પોરેશનના ડેપ્યુટી કમિશનર શીરીષ દિક્ષિતનું કોરોનાથી મત્યુ.
- મુંબઈ પોલીસમાં ૧૮૭૧ પોલીસકર્મીઓને કોરોના પોઝીટીવ જેમાંથી ૨૧ના મત્યુ થયા.
- ગુજરાતના સનદી અધિકારી હારિત શુક્લાને કોરોના પોઝીટીવ રીપોર્ટ આવ્યો.
- દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલનો કોરોના નેગેટીવ રીપોર્ટ આવ્યો.
- અમરેલીના બગસરા પાસે બળદગાડા સાથે ૭ નાગરિકો પાણીમાં તણાયા. ૪ના મૃત્યુ, ૩ ને બચાવાયા.
- દેશમાં સૌથી વધુ કોરોના સંક્રમિત રાજ્યો

| | |
|---|---|
| મહારાષ્ટ્ર | ૯૦૭૮૭ |
| તામીલનાડુ | ૩૪૯૧૪ |
| દિલ્હી | ૨૯૯૪૩ |
| ગુજરાત | ૨૧૦૪૪ |
| રાજસ્થાન | ૧૧૦૨૦ |
| ઉત્તરપ્રદેશ | ૧૦૯૪૭ |

સીલાઈ મશીનના જાણકાર/ અનુભવી કારીગર તેમજ કોન્ટ્રાકટર જોઈએ છે
ગાંધીનગર માટે
8128657844, 9099014228

# ભાજપ નેતા જ્યોતિરાદિત્ય સિંધિયા કોરોના પોઝિટિવ

**જ્યોતિરાદિત્યના માતા પણ કોરોના પોઝિટિવ : તબિયત બગડતા દાખલ કરાયા : બંનેની પરિસ્થિતિ સ્થિર, સંપર્કમાં આવનાર લોકોને ક્વોરેન્ટાઈન કરવાની પ્રક્રિયા**

નવી દિલ્હી, તા. ૯

કોરોનાની લપેટમાં હવે ભાજપા નેતા જ્યોતિરાદિત્ય સિંધિયા અને તેમની માતા માધવી રાજે સિંધિયા પણ આવી ગયા છે. તબિયત બગડતા તે બંનેને દિલ્હીની સાકેત સ્થિત મેક્સ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. હોસ્પિટલમાં દાખલ થતા જ તેમના કોરોના વાયરસના રિપોર્ટ કરવામાં આવ્યા હતા, જે પોઝિટિવ આવ્યા છે. અત્યારે બંનેની પરિસ્થિતિ સ્થિર છે.

મધ્યપ્રદેશના ગુનાથી પૂર્વ સાંસદ અને ભાજપના વરિષ્ઠ નેતા જ્યોતિરાદિત્ય સિંધિયા અને તેમની માતાનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હોવાની હોસ્પિટલ દ્વારા પુષ્ટિ કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

# ચીન સપ્ટેમ્બર સુધી કોરોનાની વેક્સીન લોન્ચ કરી શકે છે

**ચીનના એક વરિષ્ઠ વૈજ્ઞાનિકે દાવો કર્યો : જીવલેણ કોરોનાની મહામારીનો સામનો કરવા માટે હર્ડ ઈમ્યુનિટી નહી પરંતુ વેક્સીનાઈઝેશન મુખ્ય ઉકેલ રહેશે**

બેઈજિંગ, તા. ૯

કોરોના વાયરસ વેક્સીનને લઈને ચીનના એક વરિષ્ઠ વૈજ્ઞાનિકે દાવો કર્યો છે કે, સંક્રમિતોની સારવાર માટે સપ્ટેમ્બર બાદ ક્યારેય પણ બજારમાં આવી શકે છે. તેમણે જણાવ્યું છે કે, આ વૈશ્વિક મહામારીનો સામનો કરવા માટે હર્ડ ઈમ્યુનિટી નહીં પરંતુ વેક્સીનાઈઝેશન જ મુખ્ય ઉકેલ હશે. વેક્સીનનું ટ્રાયલ અંતિમ તબક્કામાં છે અને વહેલી તકે આને લઈને અમે મોટી જાહેરાત કરી શકીએ છીએ.

ચીનના પ્રમુખ સલાહકાર ડૉ. જોંગ નાનશાને જણાવ્યું છે કે, અમે કોરોના વાયરસ માટે અનેક વેક્સીન પર કામ કરી રહ્યા છે. તેમાંથી કેટલીક વેક્સીન સપ્ટેમ્બરથી લઈને ડિસેમ્બરની વચ્ચે હોસ્પિટલમાં સારવાર માટે ઉપલબ્ધ કરાવવામાં આવશે. ડૉ. જોંગે એપ્રિલના અંતમાં જણાવ્યું હતું કે, ચીન સપ્ટેમ્બર સુધી જીવલેણ બીમારી માટે એક સફળ વેક્સીન લગાવવાની તૈયાર કરી રહ્યું છે. વેક્સીનનો ઉપોયગ વાયરસને રોકવા માટે કરવામાં આવશે. વેક્સીન કે પછી દવા વિકસીત કરવામાં સમય લાગે છે.

# સતત ત્રીજા દિવસે પેટ્રોલ-ડિઝલમાં વધારો ઝીંકાયો

**પહેલા ૬૦-૬૦ પૈસા, મંગળવારે ૫૪ પૈસાનો વધારો**

નવી દિલ્હી, તા. ૯

કોરોનાની બીમારી અને તેના પગલે લાગુ કરાયેલા લોકડાઉનમાં આર્થિક રીતે આમ જનતા પરેશાન છે ત્યારે કેન્દ્ર સરકારે તેના ખિસ્સા પર વધુ કાતર મૂકી છે. સરકારે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં સતત ત્રીજા દિવસે ક્રમશઃ ૧.૭૪ રૂપિયા અને ૧.૭૮ રૂપિયાનો વધારો ઝીંક્યો છે. પેટ્રોલ અને ડીઝલના ભાવમાં મંગળવારે સતત ત્રીજા દિવસે વધારો નોંધાયો છે. આ અગાઉ પાટનગર દિલ્હીમાં છેલ્લા બે દિવસથી પેટ્રોલ અને ડિઝલના ભાવમાં પ્રતિ લીટર ૧.૨૦ રૂપિયાનો વધારો નોંધાયો હતો. મંગળવારના રોજ દિલ્હીમાં પેટ્રોલની કિંમતમાં પ્રતિ લીટર ૫૪ પૈસા અને ડીઝલની કિંમતમાં પ્રતિ લીટર ૫૮ પૈસાનો વધારો ઝીંકવામાં આવ્યો છે. છેલ્લા ત્રણ દિવસમાં દિલ્હીમાં પેટ્રોલના ભાવમાં પ્રતિ લીટર ૧.૭૪ રૂપિયા અને ડીઝલની ભાવમાં પ્રતિ લીટર ૧.૭૮ રૂપિયાનો વધારો નોંધાયો છે.

